JUDGMENT **CC NO.825-2025**

રજુ કર્યા તારીખ :	૨૮/૦૧/૨૦૨૫		
દાખલ તારીખ :	૨૮/૦૧/૨૦૨૫		
ફેંસલ તારીખ :	૦૪/૦૮/૨૦૨૬		
સમય મર્યાદા :	વર્ષ	માસ	દિવસ

પેટલાદના મહે.એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં
મુ.પેટલાદ.

ક્રિમીનલ કેસ નં. ૮૨૫/૨૦૨૫
આંક–

ફરીયાદી– **શ્રીરામ ફાઇનાન્સ લી.ના અધિકૃત અધિકારી**
દેવેન્દ્રસિંહ ભગવાનસિંહ મહીડા

ઉ.વ. પુખ્ત , ધંધો– ફાઇનાન્સ ,
રહે. મારૂતિ આર્કેડ રામદેવ સો મીલની બાજુમાં,
તારાપુર મોટી ચોકડી, તા. તારાપુર, જી. આણંદ.

<u>વિરૂધ્ધ</u>

આરોપી– **મનુભાઇ નાનુભાઇ ભરવાડ**

ઉ.વ. પુખ્ત , ધંધો– નોકરી,
રહે. રાધારી,ચીતારી બજાર,
તા. ખંભાત, જી.આણંદ.

ગુનો : નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.

ફરીયાદી તરફે વિધ્વાન વકીલશ્રી એમ.એસ.બારોટ
આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી કે.એમ.શેખ

ચુકાદો

(૧) ફરિયાદીએ હાલની ફરિયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે દાખલ કરેલ છે. ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી હાલમાં ઉપરોકત દર્શાવેલ સરનામે આવેલ શ્રીરામ ફાઈનાન્સ લીમીટેડમાં નોકરી કરે છે અને શ્રીરામ ફાઈનાન્સ લીમીટેડ જુના નવા વાહનો ઉપર હાઈપોથિકેશન કરાર કરી ફાઈનાન્સ કરવાનું કામકાજ કરે છે. ફરિયાદીને શ્રીરામ ફાઈનાન્સ લીમીટેડનાઓએ કાયદેસરની કાર્યવાહી કરવા માટે સત્તા અને અધિકાર આપેલ છે. ફરીયાદીની કંપની શ્રીરામ ફાઈનાન્સ લીમીટેડ આ અગાઉ શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની લીમીટેડના નામથી ઓળખાતી હતી. જેનું નામ બદલેલ છે. અને હવે તે શ્રીરામ ફાઈનાન્સ લીમીટેડ નામથી ઓળખાય છે. એટલા માટે ફરિયાદીનાઓએ શ્રીરામ ફાઈનાન્સ લીમીટેડના નામથી કાર્યવાહી કરેલ છે. તારાપુર મુકામે ફરીયાદીની કંપનીની ઓફીસ ઉપરોકત સરનામે આવેલી છે. આરોપીનાઓ ઉપરોકત દર્શાવેલ સરનામે રહે છે અને આરોપીનાઓ શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની લીમીટેડમાં આવેલા અને લોન લેવા અંગેની વાતચીત કરેલી અને શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની લીમીટેડમાંથી આરોપીનાઓએ લોન એગ્રીમેન્ટ નં. TARAPT૨૦૨૨૨૦૦૦૧ થી SWIFT VXI BS6 PETROL 5 SEATER કે જેનો આર.ટી.ઓ.રજી.નં GJ23CD-5855 માટે રૂા.૫,૪૦,૦૦૦/-ની લોન લીધેલી અને આરોપીનાઓએ લોન લેતી વખતે શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની લીમીટેડ કંપનીમાં તારાપુર મુકામે જરૂરી દસ્તાવેજો રજુ કરેલા અને ફાઈનાન્સ કંપનીના નીતિ નિયમો મુજબ લોન એગ્રીમેન્ટ ઉપર તેમજ બીજા જરૂરી દસ્તાવેજો ઉપર વાંચી, સમજી,વિચારીને સહીઓ કરી લોન મેળવેલ, આરોપીનાઓએ ફરીયાદીની કંપનીમાંથી લીધેલ લોનની રકમ હપ્તે હપ્તે ચુકવી આપવાની હતી. પરંતુ આરોપીનાઓ ફરીયાદીની કંપનીમાં નિયમીત લોન તથા વ્યાજ તથા પેન્લટીના હપ્તા ભરતા ન હતા. જે અંગે ફરિયાદીની કંપનીના અધિકૃત અધિકારી મારફતે વારંવાર ઉઘરાણી કરતા આરોપીનાઓ શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની લીમીટેડની તારાપુર શાખામાં આવેલ ઓફીસે આવીને ફરીયાદીને મળેલા અને તેમની સાથે હિસાબ સમજીને લોન એગ્રીમેન્ટના કામે હપ્તાની ચડત રકમ પેટે આરોપીનાઓએ ફરીયાદીની કંપની શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની લીમીટેડના નામનો એક ચેક રૂા.૨,૩૧,૩૩૪/- અંકે રૂપીયા બે લાખ એકત્રીસ હજાર ત્રણસોને ચોત્રીસ પુરાનો સ્મોલ ફાઇનાન્સ બેંક ખંભાત શાખાનો ચેક નં.૦૦૦૦૦૨ નો

તા.૦૪/૧૨/૨૦૨૪ના રોજનો સહી કરી આપેલ. આમ, સદર ચેક આપતી વખતે આરોપીનાઓએ ફરીયાદીને પાકકો ભરોસો અને વિશ્વાસ આપેલો કે સદર ચેક તેની પાકતી તારીખે બેંકમાં રજુ કરશો તો તેના નાણાં તમોને ચોકકસ પ્રાપ્ત થઈ જશે. આમ ફરીયાદીને આરોપીઓ ઉપર વિશ્વાસ અને ભરોસો રાખીને આરોપીએ આપેલ ચેકનો સ્વીકાર કરેલો અને સદર ચેકના કાયદેસરના ધારણકર્તા બનેલા. આમ આરોપીએ ઉપરોકત વિગત તથા વર્ણનવાળા ચેક કે જે ફરીયાદીની કંપનીના નામના આપેલ તે ચેક તેની પાકતી તા.૦૪/૧૨/૨૦૨૪ના રોજ ફરીયાદીની શ્રીરામ ફાઈનાન્સ લીમીટેડના એક્સીસ બેંક, પેટલાદ શાખાના કરંટ ખાતા નં. ૯૨૩૦૨૦૦૦૬૮૯૨૫૦૪ માં જમા કરાવતા આરોપીએ આપેલ ચેક તા.૦૫/૧૨/૨૦૨૪ ના રોજ FUNDS INSUFICIENT ના શેરા સાથે પરત થયેલ. આમ આરોપીએ ફરીયાદીને જે ચેક આપેલ તે ચેક તા.૦૫/૧૨/૨૦૨૪ ના રોજ સ્વીકાર્યા વગર પરત કરેલ છે, અને ફરીયાદીને ચેકના નાણાં પરત ન મળતા અને આરોપીએ આપેલ પાકો વિશ્વાસ અને ભરોસાનો ભંગ કરતા આ કામના આરોપીએ ધી નેગો.ઈન્સ્ટ. એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ હોઈ તેમજ ભારતીય ફોજદારી ધારાની જોગવાઈઓ મુજબ અને છેતરપીંડી તેમજ વિશ્વાસઘાતનો ગુનો કરેલ હોઈ જેથી આરોપી સામે કાયદેસરની જરૂરી કાર્યવાહી કરી ફરીયાદીને સદર ચેકના નાણાં તથા ખર્ચસહીતની રકમ વસુલ અપાવવા તેમજ આરોપીને જેલની સજા તથા યોગ્ય દંડ સહીતની સજા કરવા ન્યાયના હિતમાં અન્ય હુકમ કરવા ફરીયાદીએ દાદ ગુજારેલ છે.

હાલની ફરિયાદ દાખલ થતા ફરીયાદીનું વેરીફીકેશન તથાં દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ બાદ આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.એસ.કલમ– ૨૨૭ મુજબ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આરોપીને સમન્સની બજવણી થતાં તેઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતા આરોપી વિરૂધ્ધ ગુના સંબંધે આરોપીની **આંક– ૦૯** થી પ્લી નોંધવામાં આવેલ છે. આરોપીએ ગુનાની કબુલાત ન કરતા કેસ આગળ ચાલેલ છે. આ કેસ સમન્સ ટ્રાયબલ કેસની પ્રોસીજર મુજબ ચાલેલ છે.

(૩) ફરીયાદી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનાં મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(અ) મૌખિક પુરાવા:–

ક્રમ	પુરાવાનું વર્ણન	આંક
૧	ફરીયાદી દેવેન્દ્રસિંહ ભગવાનસિંહ મહીડાનું સરતપાસનું સોગંદનામું	૦૪

(બ) દસ્તાવેજી પુરાવા:–

ક્રમ	પુરાવાનું વર્ણન	આંક
૧	આરોપીએ લખી આપેલ અસલ ચેક નં. ૦૦૦૦૦૨	૧૦
૨	આરોપીએ આપેલ ચેક નં. ૦૦૦૦૦૨ના રિટર્ન મેમાની નકલ	૧૧
૩	પાવર ઓફ એટર્નીની પ્રમાણિત નકલ	૧૨
૪	કંપનીના નોંધણી પ્રમાણપત્રની નકલ	૧૩
૫	આરોપીને વકીલ મારફતે આપેલ નોટીસની ઓફીસ કોપી	૧૪
૬	નોટીસ પોસ્ટ કર્યાની અસલ પાવતી અસલ	૧૫
૭	પોસ્ટ ખાતાનો ઓનલાઇન ટ્રેક રીપોર્ટ	૧૬
૮	આરોપીના ખાતાના સ્ટેટમેન્ટના ઉતારાની અસલ નકલ	૧૭
૯	ફરીયાદીએ સંસ્થાનું નામ બદલેલ તેની ભારત સરકારની ટ્રુ કોપી વાળી નકલ	૧૮

આ કામે ફરીયાદપક્ષે **આંક– ૨૮** થી પુરાવાબંધની પુરસીસ આપી પોતાનો પુરાવો પુરો થયેલ જાહેર કરવામાં આવેલ છે.

(૪) હાલનાં કામે આરોપી તર્ફે ફરીયાદીની ઉલટતપાસ કરવામા આવેલ નથી. ફરિયાદીની ઉલટ તપાસનો આરોપીનો હકક બંધ કરવામાં આવેલ છે. ઉપરોકત પુરાવા સીવાય ફરીયાદપક્ષ તરફે વધુ કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે રજુ કરવા માટેની રજુઆત કરવામાં આવેલ નથી. બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપી વિશેષ નિવેદનમાં હાજર રહેલ ન હોવાથી તેઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

<u>દલીલો</u>

આ કામે દલીલો સાંભળવામાં આવેલ છે. ફરીયાદીના વિ.વ.શ્રી એ દલીલ કરેલ છે કે

આરોપીએ કાયદેસરના લેણા પેટે ફરીયાદીને વાદવાળો ચેક આપેલ અને તે ચેક "એકાઉન્ટ કલોઝડ" હોવાના કારણે પરત ફરેલ છે. ફરીયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની કાયદેસરની ડિમાન્ડ નોટિસ સમયમર્યાદામાં બજવેલ હતી તેમ છતાં આરોપીએ ચેકના નાણાં ચુકવેલ ન હતા. ફરીયાદ સમયમર્યાદામાં છે. ફરીયાદીએ તેની ફરીયાદને અનુરૂપ સરતપાસ રજુ કરી પુરાવો આપી કેસ પુરવાર કરેલ છે. આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાનું ખંડન કરેલ નથી. આ કાયદાની કલમ– ૧૧૮ અને ૧૩૯ મુજબના અનુમાનનું કોઈ ખંડન આરોપી પક્ષ કરી શકેલ નથી. ફરીયાદ પક્ષ આરોપી સામેનું તહોમત અને આક્ષેપો પુરવાર કરવામાં સફળ રહેલ હોઈ આ કાયદાનો હેતુ ધ્યાને લઈ સમાજમાં દાખલો બેસે તેવી સજા આરોપીને કરવી જોઈએ.

તેમજ આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા કોઈ મૌખીક દલીલો પણ કરવામાં આવેલ નથી.

(૫) ફરીયાદ પક્ષના કેસની હકીકત અને રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા આ કામનો ન્યાયીક અંત આણવા સારું. મારા મંતવ્ય મુજબ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

–: મુદ્દા :–

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ કાયદેસર ની લેણી રકમની ચુકવણી પેટે ફરીયાદીને **સ્મોલ ફાઈનાન્સ બેંક, ખંભાત શાખાના નો રૂ.૨,૩૧,૩૩૪/–(અંકે રૂપિયા બે લાખ એકત્રીસ હજાર ત્રણસો ચોત્રીસ પુરા)નો ચેક નં.૦૦૦૦૦૨** આરોપીએ સહી કરીને આપેલ. જે ચેક આરોપીના કહેવા મુજબ સ્વીકારાવવા માટે ભરતા ચેક " **FUNDS INSUFICIENT** " ના શેરા સાથે પરત ફરેલ, જેથી આરોપીએ આપેલ ચેકના નાણા ફરીયાદીને નહી મળતા ફરીયાદીએ આરોપીને ચેકની રકમના નાણાંની માંગણી કરતી નોટીસ મોકલેલ, પરંતુ તે નોટીસ મોકલ્યા બાદ પણ આરોપીએ કાયદામા ઠરાવેલ ૧૫ દિવસની નિયત મર્યાદામા ચેકમાંની રકમ ફરીયાદીને ચુકવેલ નથી અને તેમ કરી આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા તારણો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ

–: કારણો :–

<u>મુદ્દા નં.૧</u>

(૭) આ કામે આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ (જેનો હવે પછી "આ કાયદા" તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ ૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોવાનું તહોમત મુકવામાં આવેલ છે ત્યારે આ કલમના તત્વો ધ્યાને લેવા જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

(૧) આરોપીએ ફરીયાદીને સમગ્ર કે અંશત: કાયદેસરનું કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી એટલે કે કાયદેસરનાં લેણા પેટે ચેક આપેલ હતો,

(૨) આ ચેક તેમાં દર્શાવેલ લખેલ તારીખથી નિયત સમય–મર્યાદામાં બેંકમાં રજુ કરવામાં આવેલ હતો,

(૩) ચેક અપૂરતા ભંડોળના કે નિયત કારણસર ભરપાઈ થયા વગર પરત ફરેલ હતો,

(૪) ચેકના ધારકે ચેક પરત થયાની બેંક પાસેથી માહિતી મળેથી દિન ૩૦ માં ચેકના નાણાની માંગણી કરતી કાયદેસરની ડીમાન્ડ નોટિસ ચેક લખનારને લેખિતમાં આપેલ હતી,

(૫) આરોપીએ તેઓને આવી કાયદેસરની ચેકના નાણાની માંગણી કરતી લેખિત "ડિમાન્ડ નોટિસ" મળ્યા છતાં તે નોટિસ મળ્યાના પંદર દિવસની અંદર ચેકનાં નાણા ચૂકવે નહિ ,

(૮) આ કાયદાની કલમ–૧૩૮ અને ૧૪૨ ની જોગવાઈ ધ્યાને લેતા સ્પષ્ટ છે કે, જયારે આ કાયદાની કલમ ૧૩૮ માં જણાવેલ તત્વો પરિપૂર્ણ થતા હોય ત્યારે કલમ ૧૩૮(સી) હેઠળ આપવામાં આવેલ ચેકનાં નાણાની માંગણી કરતી લેખિત ડિમાન્ડ નોટિસ મળ્યા છતાં ચેકનાં નાણા ચેક આપનાર ચૂકવે નહિ તો આવી

નોટિસ મળ્યાના પંદર દિવસ બાદથી ફરીયાદ કરવાનું કારણ ઉપસ્થિત થાય અને આ કાયદાની કલમ ૧૪૨ ની જોગવાઈ મુજબ કાયદેસરની ડિમાન્ડ નોટિસ મળ્યાના પંદર દિવસ બાદથી એક માસની અંદર હકુમત ધરાવતી અદાલતમાં ફરીયાદ દાખલ કરવામાં આવે તો આ કાયદાની કલમ ૧૪૨ મુજબ તેવી ફરીયાદનું કોગ્નીઝન્સ લઈ શકાય.

(૯) આ કામે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આરોપીએ તેમના બેંક ખાતાનો **તા. ૦૪/૧૨/૨૦૨૪** ના રોજના ચેક ફરીયાદીને આપેલ છે, જે ફરીયાદીએ સમય મર્યાદામાં બેંકમાં રજુ કરેલ છે અને તે બંને ચેક **તા. ૦૫/૧૨/૨૦૨૪**ના રોજ **"FUNDS INSUFICIENT"ના કારણસર** પરત ફરેલ છે જેની કાયદેસરની ડીમાન્ડ નોટીસ ૩૦ દિવસની અંદર ફરીયાદીએ આપેલ છે તે નોટીસ આરોપીને મળ્યાના ૧૫ દિવસની અંદર આરોપીએ ચેકની રકમ ન ચૂકવતા ૧૫ દિવસ પુરા થયા બાદથી ૧ માસની અંદર સમય મર્યાદામાં ફરીયાદી એ ફરીયાદ દાખલ કરેલ છે. રજુ પુરાવાથી સ્પષ્ટ છે કે, ફરીયાદીએ આ કાયદાની કલમ -૧૩૮ના (Proviso) a, b અને c ની જોગવાઈઓનું પાલન કરેલ હોવાનું પુરવાર થાય છે.

(૧૦) ફરીયાદીએ સમયમર્યાદામાં હાલની ફરીયાદ દાખલ કરેલ છે ત્યારે આ તબક્કે આરોપી સામેનું તહોમત અને આ કાયદાની કલમ-૧૩૮ના તત્વો ધ્યાને લેતા, અત્રે નક્કી કરવાનું રહે છે કે, આ કામે ફરીયાદી દ્વારા જે ચેક રજુ કરવામાં આવેલ છે તે ચેક આરોપીએ તેમની કાયદેસરની સમગ્ર કે અંશત: કોઈ પણ દેવુ કે અન્ય જવાબદારી એટલે કે કાયદેસરના લેણા પેટે ચેક આપેલ હતો કે કેમ? આ કામે ફરીયાદીએ તેમની ફરીયાદ હકીકત પુરવાર કરવા માટે આંક-૪ થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે, ત્યારબાદ બચાવપક્ષને વખતો વખત ઉલટ તપાસ માટે મુદતો આપવામાં આવેલ હતી તેમજ ૨૫/૦૫/૨૦૨૬ન રોજ કોસ્ટ સાથે મુદત મંજુર કરવામાં આવેલી ત્યારબાદ પણ આરોપીના વકીલશ્રી ઉલટ તપાસ કરવા માંગતા ના હોઈ જેથી તેમનું તા.૦૧/૦૭/૨૦૨૬ના રોજ ઉલટ તપાસનો હક બંધ કરવામાં આવેલ અને ત્યારબાદ ત્રણ થી ચાર મુદત આરોપીના એફ.એસ ઉપર રાખવામાં આવેલ પરંતુ આરોપી હાજર રહેલ નહી કે તેના વકીલશ્રી હાજર

રહેલ નહી કે ઉલટ તપાસ કરેલ નહી જેથી આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદી દ્વારા રજુ થયેલ ચેક આરોપીના ખાતાનો છે અને તે ચેકમાં આરોપીની સહી છે તે હકીકત આરોપી દ્વારા પડકારવામાં આવેલ નથી. અને આ હકીકત આરોપીએ સ્વીકુત રાખેલ છે. આ તબક્કે આ કાયદાની કલમ–૧૧૮(ક) અને ૧૩૯ની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાય છે.

કલમ–૧૧૮:– વટાઉ ખત વિશે માની લેવાની બાબત..

(ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ ને આવુ દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યુ હતુ અથવા તબદીલ કર્યુ હતુ.

કલમ–૧૩૯:– ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન..

'વિરુધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ ૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.'

આમ, આ કામમાં જયારે આરોપીએ ચેક તેમના ખાતાના હોવાનું અને તેમાં આરોપીની પોતાની સહી હોવાનું સ્વીકૃત રાખેલ છે અને તે બાબતે કોઈ તકરાર લીધેલ નથી ત્યારે આ સંજોગોમાં આ કાયદાની કલમ–૧૧૮(ક) અને ૧ ૩૯ મુજબ આ ચેક આરોપી ધ્વારા તેઓની કાયદેસરની જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવુ અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે અને તેની વિરુધ્ધની હકીકત પુરવાર કરવાનો બોજો તેમજ આ અનુમાનનું ખં ડન કરવાની જવાબદારી આરોપીની રહે છે. આ કાયદાની કલમ–૧૩૯ હેઠળનું અનુમાન તે હકીકતોનું નહી પણ કાયદાનું અનુમાન છે અને આવા કાયદાના અનુમાનોનું ખંડન સંતોષકારક રીતે કરવામાં ન આવે તો આવુ અનુમાન ફરીયાદ

પક્ષની તરફેણમાં આખરી અને નિર્ણાયક બની રહે છે. આ અનુમાનોનું ખંડન કરવા માટે આરોપીએ નિ:શંકપણે પુરવાર કરવાનું રહેતું નથી પણ આરોપીએ પોતાનો બચાવ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત મુજબ પુરવાર કરવાનો રહે છે અને જો આરોપી તે મુજબ તેની વિરુધ્ધના કાયદાકીય અનુમાનોનું ખંડન કરી શકે તો તેવા સંજોગોમાં ફરીયાદી ઉપર આરોપી વિરુધ્ધ તેવી લેણી રકમ નીકળતી હતી તે હકીકત વ્યાજબી શંકાથી પર હોય તેવી રીતે પુરવાર કરવાની જવાબદારી ઉપસ્થિત થાય છે. નામદાર સુપ્રીમ કોર્ટે M/s. Kalamani Tex and Anr. vs. P.Balasubramanian **2021 (5) SCC 283,** નાં ચુકાદામાં ઠરાવેલ છે કે,

"14. Adverting to the case in hand, we find on a plain reading of its judgment that the trial Court completely overlooked the provisions and failed to appreciate the statutory presumption drawn under Section 118 and Section 139 of NIA. The Statute mandates that once the signature(s) of an accused on the cheque/negotiable instrument are established, then these 'reverse onus' clauses become operative. In such a situation, the obligation shifts upon the accused to discharge the presumption imposed upon him."

આ તબક્કે **નામ. સુપ્રિમ કોર્ટના રોહિતભાઈ જીવણલાલ પટેલ વિરુધ્ધ ગુજરાત રાજ્ય અને અન્ય, એ.આઈ.આર. ૨૦૧૯ એસ.સી. ૧૮૭૬** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત પણ ધ્યાને લેવા જરૂરી જણાય છે. આ ચુકાદામાં નામ.સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે,

"14. So far the question of existence of basic ingredients for drawing of presumption under Sections 118 and 139 the NI Act is concerned, apparent it is that the accused-appellant could not deny his signature on the cheques in question that had been drawn in favour of the complainant on a bank account maintained by the accused for a sum of Rs. 3 lakhs each. The said cheques were presented to the Bank concerned within the period of their validity and were returned unpaid for the reason of either the balance being insufficient or the account being closed. All the basic ingredients of

Section 138 as also of Sections 118 and 139 are apparent on the face of the record. The Trial Court had also consciously taken note of these facts and had drawn the requisite presumption. Therefore, it is required to be presumed that the cheques in question were drawn for consideration and the holder of the cheques i.e., the complainant received the same in discharge of an existing debt. The onus, therefore, shifts on the accused appellant to establish a probable defense so as to rebut such a presumption."

આ તબકકે **નામ. સુપ્રિમ કોર્ટના In Rangappa v. Sri Mohan : (2010) 11 SCC 441** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ઘ્યાને લેવા પણ જરૂરી જણાય છે. આ ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, કલમ–૧૩૯ હેઠળનું અનુમાન કાયદેસરનું લેણુ અને જવાબદાર આવરી લે છે. એક વાર ચેક ઈશ્યુ કરવાનું સ્વીકારવામાં આવે કે પુરવાર થાય પછી અદાલતે આ કાયદાકીય અનુમાન કરવા બંધાયેલ છે અને આરોપીએ પોતાનો બચાવ અને અનુમાનોનું ખંડન પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત મુજબ સાબિત કરવાના રહે છે અને જયારે આરોપી પોતાનો બચાવ માની શકાય તેમ છે તેવું સામાન્ય બુધ્ધિનો માણસ સમજી શકે તે રીતે સાબિત કરે તો કલમ–૧૩૯ ના અનુમાનનું અસ્તિત્વ રહેતુ નથી.

(૧૧) હાલના કેસમાં ઉપરોકત કરેલ ચર્ચા તેમજ ઉપરોકત કેસ લો ઓથોરીટીમાં ઠરાવેલ સિધ્ધાંતો ઘ્યાને લેતા સ્પષ્ટ છે કે, આરોપી તરફે તેમની સામેના કાયદાકીય અનુમાનોનું ખંડન તેમજ પુરાવાનો બોજો દુર કરવામાં આવેલ નથી તથા ઉપરોકત કરેલ ચર્ચાથી અને આપેલ કારણોથી સ્પષ્ટ છે કે, ફરીયાદ પક્ષ આરોપી સામેનું તહોમત વ્યાજબી શંકાને પર પુરવાર કરવામાં સફળ રહેલ છે અને આરોપી તેમની સામેના કાયદેસરના અનુમાનોનું ખંડન કરી શકેલ નથી, જેથી **મુદ્દા નંબર–૧** નો જવાબ તે મુજબ **હકારમાં** આપવામાં આવે છે.

(૧૨) **મુદ્દા નં. ૨**

ઉપરોકત મુદ્દા નં.૧ માં કરવામાં આવેલ ચર્ચા ધ્યાને લેતા મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના જેઠાલાલ સાવલા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૭ (૩) ૧૪૬ ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે આરોપીની ગેરહાજરીમાં પણ આવા પ્રકારના કેસોમાં ચુકાદો જાહેર કરી શકાય. હાલના કેસમાં આરોપીને પુરતી તક મળેલ છે તેમ છતાં તેઓ હાજર રહેલ નથી અને હાલના કેસના સંજોગો જોતા ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિંધ્ધાતો ધ્યાને રાખી આરોપીની ગેરહાજરીમાં આ કેસનો ચુકાદો જાહેર કરવો યોગ્ય અને ન્યાયીક જણાય છે. આ તબક્કે હાલના કેસમાં આરોપીને પ્રોબેશન પર મુક્ત કરવાનો લાભ આપવો જોઈએ કે કેમ? તે અન્વયે M. V. Nalinakshan v/s M. Rameshan and Anr. Reported in 2009 Cr.L.J.1703 ના ચુકાદામાં ઠરાવેલ સિંધ્ધાતો ધ્યાને લેવા જરૂરી જણાય છે, આ ચુકાદામા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, "Negotiable Instruments Act S. 138 – Person convicted of offence u/s 138 it is not expedient to release him on probation u/s. 4 (1) of Probation of Offenders Act."

આમ ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડસ એકટનો લાભ આપવો ન્યાયોચિત જણાતુ નથી. અત્રે એ પણ નોંધવુ જરૂરી જણાય છે કે, હાલનાં સમયમાં ચેક બાઉન્સના કેસો ઘણા વધી ગયેલ છે આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટની જોગવાઈ મુજબ પ્રોબેશનનો લાભ આપવામાં આવે તો તેનાથી સમાજમાં વિપરીત અસર ઉત્પન્ન થાય તેમ છે. જો આ પ્રકારના કેસોમાં પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટનો લાભ આપવામાં આવે તો સમાજમાં આર્થિક ગુનાખોરી વધી જાય તે હકીકત પણ નકારી શકાય તેમ નથી, તેમજ તેના કારણે દેશની આર્થિક વ્યવસ્થા, વેપાર વ્યવસ્થા તેમજ સામાજિક ઢાંચા પર તેની

વિપરીત અસર થાય તેમ છે. આમ હાથ પરના કેસમા આરોપીને પ્રોબેશન નો લાભ આપવો ન્યાયીક અને ઉચીત જણાતો નથી. હાલના કેસના સંજોગો ધ્યાને લેતા આરોપીને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરવા માટે યોગ્ય કારણ જણાતુ નથી પણ આરોપીએ આચરેલ ગુનાની ગંભીરતા ધ્યાને લેતા આરોપીને એટલી યોગ્ય સજા તો કરવી જ જોઈએ કે, જેથી સમાજમાં ખોટો સંદેશો ના જાય અને આ કાયદાનો અને ન્યાયનો હેતુ જળવાઈ રહે. ફરીયાદ પક્ષ આરોપી સામેનું ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે. જેથી તહોમતદારને આ કાયદાની કલમ–૧૩૮ ના ગુના અન્વયે તકસીરવાન ઠરાવત અને સજા કરતો મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ન્યાયના હિતમાં ફરમાવવામાં આવે છે.

–:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપી **મનુભાઈ નાનુભાઈ ભરવાડ** રહે. રાધારી,ચીતારી બજાર, તા. ખંભાત, જી.આણંદ. નાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) મુજબ એન.આઈ. એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં ૨(બે) વર્ષની સાદી કેદની સજા ફરમાવવામા આવે છે.

(૨) આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(૩) મુજબ ફરીયાદીને વળતર પેટે **રૂ.૨,૩૧,૩૩૪/– (અંકે રૂપિયા બે લાખ એકત્રીસ હજાર ત્રણસો ચોત્રીસ પુરા)** દિન–૬૦માં ચુકવી આપવા. (જો આરોપી તરફથી વચગાળાના સમય દરમ્યાન જે કોઈ રકમ ફરીયાદીને ચુકવેલ હોય તો તેવી રકમ વળતર તરીકે મજરે ગણવાની રહેશે) જો આરોપી વળતરની રકમ ચુકવવામા કસુર કરે તો આરોપીએ વધુ –૨ માસ (બે માસ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આરોપી ચાલુ કેસ દરમ્યાન કાચા કામની કેદી તરીકે કસ્ટડીમા રહ્યા હોય

તો તે સજા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ– ૪૨૮ મુજબ મજરે આપવાની રહેશે.

(૪) સદર ચુકાદો જાહેર કર્યો અને આરોપીને તકસીરવાન ઠરાવવામા આવેલ છે. તે સમયે આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર ન હોય તથા સદર ચુકાદો યોગ્ય સમયે ત્વરીત જાહેર ન થાય તે અર્થે કોર્ટમા હાજર રહેતા ન હોય અને સદર કેસને વિલંબમાં નાંખવા પ્રયત્ન કરતા હોય, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૧૮ તથા ૩૫૩ (૬)(૭) અન્વયે સદર ચુકાદો આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામા આવેલ છે અને આરોપીએ હાજર થઈ સજા ભોગવવા માટેની કાર્યવાહી અર્થે તથા સદર હુકમના અમલ અર્થે આરોપી વિરુદ્ધ પકડ વોરન્ટ કાઢવાનો હુકમ કરવામા આવે છે.

(૫) આરોપીની ધરપકડ કરી રજુ કર્યેથી અગર તો આરોપી હાજર થયેથી આરોપીને ક્રીમી.પ્રોસી. કોડની કલમ–૩૬૩(૧) મુજબ સદર ચુકાદાની નકલ વિનામુલ્યે પુરી પાડવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તારીખ–૦૪–૦૮–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળવીને મારી સહી કરી જાહેર કર્યો.

(એ.જે. વાસુ)

તારીખ:– ૦૪ / ૦૮ /૨૦૨૬ એડી. ચિફ જયુડી.મેજીસ્ટ્રેટ

સ્થળ :–પેટલાદ પેટલાદ

GJ-01397

સ્ટેનોગ્રાફર: એમ . એ. ભરવાડ